# ત્રિભુવનતિલક મહાકાવ્ય*

દીર્ઘતપસ્વી શ્રમણ ભગવાન શ્રી મહાવીર, ભગવાન શ્રી બુદ્ધ અને વૈદિક મહર્ષિઓએ પોતાના આધ્યાત્મિક તત્ત્વચિંતન અને સંવેદનના અંતે ભારતીય પ્રજાને જ્ઞાનયોગ અને ભક્તિયોગનો વિશિષ્ટ વારસો અર્પણ કર્યો છે. ભારતીય પ્રજામાંના નમ્ર, ભદ્રિક, વિવેકી અને જિજ્ઞાસુ મહાનુભાવ આત્માઓએ એ વારસાને ઝીલ્યો છે અને એની આરાધના માટે પ્રયત્ન પણ કર્યો છે. તેમ છતાં જ્ઞાનયોગની સાધના કર્તવ્યપરાયણતાને અધીન હોઈ, પ્રારંભમાં એ માર્ગની સાધના સૌને માટે સરળ કે સુગમ નથી હોતી; જ્યારે ભક્તિમાર્ગની સાધના, એ સહજ સુગમ હોઈ, મોટા ભાગના સાધક આત્માઓ એ તરફ જ આકર્ષાય છે. ભક્તિયોગનું આ આકર્ષણ અથવા એની સાધના, એ અંતે તો જ્ઞાનયોગની સાધનાને માર્ગે જ પહોંચે છે. જ્ઞાનયોગ, એ સાધકની સિદ્ધિનો માર્ગ છે, જ્યારે ભક્તિમાર્ગ, એ સાધનોની શોધનો માર્ગ છે. એ જ કારણને લઈ ભક્તિયોગી આત્માઓ સાધનાનાં સાધનોનું જે પૃથક્કરણ કરે છે તેને વાણીમાં ઉતારે છે. અને એથી જ આપણી પાસે કીમતી અને મહાન કહી શકાય તેવો ધર્મકથાઓ, અવદાનકથાઓ અને પુરાણકથાઓનો વારસો આવ્યો છે. આ કથાઓનું કવન કે સર્જન, એ ભક્તિયોગનું પ્રતીક છે. આ કવન કે સર્જનમાં જેટલી આત્મિક વિશુદ્ધ દશા કામ કરે એટલી એની આત્મિક સાધના વિશુદ્ધ, અને જેટલી એમાં ઊણપ એટલી જ આત્મિક સાધનામાં ઊણપ રહે છે. આવી કૃતિઓનું સર્જન મુખ્યત્વે ભક્તિયોગીઓનું જ સર્જન હોય છે. જ્ઞાનયોગીઓ માટે કોઈ અકસ્માત કે ચમત્કારને બાદ કરીએ તો, આવું કવન કે સર્જન ભાગ્યે જ હોય છે. એનું કારણ એ છે કે તેઓ તો સતત પોતાની સાધનાઓની સિદ્ધિઓમાં જ લીન બની ગયેલા હોય છે. એ વાત ખરી છે કે આવા જ્ઞાનયોગી આત્માઓ જે કાંઈ બોલે અને જ્યારે પણ બોલે, ત્યારે એમનું વક્તવ્ય વિશુદ્ધ સંવેદનમાંથી પ્રગટેલું હોઈ, તેમનું બોલવું, એ સર્જન અને કવનરૂપ જ હોય છે. ભક્તિયોગીઓને પોતાની વાણીને શબ્દ અને અર્થના અલંકારો પહેરાવવાના હોય છે ત્યારે જ્ઞાનયોગીઓને તેવું કરવું પડતું નથી. ભક્તિયોગીઓનું અંતર વેદનામય અને વાચાળ હોય છે; જ્ઞાનયોગીઓનું હૃદય નિરામય અને મૂક હોય છે. આ જ જ્ઞાનયોગી અને ભક્તિયોગીનો ભેદ અથવા લક્ષણ છે.

ભાઈશ્રી હીરાભાઈએ શ્રમણ ભગવાન શ્રી મહાવીરના ચરિત્રનું 'ત્રિભુવનતિલક' નામે જે કવન

* 'ત્રિભુવનતિલક મહાકાવ્ય'—ભગવાન મહાવીર ચરિતનું (રચયિતા અને પ્રકાશક: શ્રી હીરાચંદ કસ્તૂરચંદ ઝવેરી, મુંબઈ, સં. ૨૦૨૨) પુરોવચન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને સર્જન કર્યું છે, એ ભક્તિયોગનું પરિણામ છે. વ્યક્તિના જીવનમાં સહજ ભાવે જે પ્રેરણા જાગી હોય છે તે ગમે તેવા સંયોગોમાં કે વિઘ્નોમાં જીવંત રહે છે. ભાઈશ્રી હીરાભાઈની જે કથા મેં જાણી છે તે ઉપરથી હું કહી શકું છું કે તેમના હૃદયમાં ભક્તિયોગ ઘણે ઊંડે ઊતરેલો છે. યુવાવસ્થાના પ્રારંભકાળે તેમણે આ ચરિત-કવિતા-ગ્રંથની શરૂઆત કરી હતી. પરંતુ વ્યક્તિના જીવનમાં કુદરતનાં સર્જનો કહો, ચહાય ભાવિભાવના સર્જનો કહો, અજબ હોય છે. આ રીતે તેમણે જીવનમાં ઘણી લીલી-સૂકી અને તડકી-છાંયડીઓ જોઈ, જેના પરિણામે તેમના 'ત્રિભુવનતિલક'નું સર્જન વિરમી ગયું. આમ છતાં વ્યક્તિના જીવનમાં જેનાં મૂળ ઊંડાં જામેલાં હોય તેવી ભાવના, ગમે તેટલી તડકી છાંયડી આવે તોપણ, એક વાર ભલે તે કરમાયેલી દેખાય, તે છતાં એનાં મૂળ તો સજીવન જ હોય છે અને પ્રસંગ પ્રાપ્ત થતાં એ પાંગરી ઊઠે છે. ભાઈશ્રી હીરાભાઈ માટે આ જ હકીકત છે. જીવનની લીલી-સૂકી અને તડકી-છાંયડીના યોગે વિરમી ગયેલી 'ત્રિભુવનતિલક'ની રચના આજે સર્વાંગે પાંગરીને ખીલી ઊઠી આપણી નજર સામે આવી છે. એમના જીવનના મનોરથો સાથે તેમનો ભક્તિયોગ પણ ફળ્યો છે.

શાસ્ત્રોનું અવગાહન કરતાં આપણે જાણ્યું છે કે પૌરાણિક કાળમાં અથવા પ્રાગૈતિહાસ કાળમાં સંખ્યાતીત રાજાઓ, મહામાત્યો, શ્રેષ્ઠીઓ વગેરે અનેકવિધ વ્યાપારમાં ડૂબેલા હોવા છતાં આંતરજીવનને લગતાં વિવિધ કાર્યો તેમણે કર્યાં છે. આ જ રીતે પ્રાચીન ઐતિહાસિક યુગમાં શ્રેણિક, ચેટક, ઉદયન, શતાનીક, પ્રદેશિરાજ આદિ રાજાઓ, ઉપાસકદશાંગ આદિમાં આવતા કુબેરભંડારીને ભુલાવે તેવા આનંદ, ધન્ય, શાલિભદ્ર, કૃતપુણ્ય આદિ ધનાઢ્ય શ્રાવકોએ આંતરજીવનની સાધના માટે જ્ઞાન-ધ્યાન-સમાધિની સાધના કરી હતી. આ જ યુગ સાથે સંબંધ ધરાવતા મહારાજા શ્રી સંપ્રતિરાજે આંતર-જીવનની સાધના ઉપરાંત જૈનધર્મના પ્રચાર અને અભિવૃદ્ધિ માટે પોતાનું જીવન અને તન-મન-ધન, બધુંય સમર્પિત કરી દીધું હતું. મધ્યયુગમાં ગૂર્જરેશ્વર મહારાજા શ્રી કુમારપાલ દેવે ભક્તિયોગપ્રધાન જ્ઞાનયોગની સાધના કરી હતી. સજ્જન મંત્રી ઘવાયેલી અવસ્થામાં રણમોરચે બેસી પ્રતિક્રમણ જેવી ક્રિયાઓ કરતા હતા. મહામાત્ય વસ્તુપાલ, મંત્રી હોવા છતાં, તીર્થયાત્રાએ સંઘો લઈ જતા. કળાધામ સમાં મંદિરોનાં નિર્માણ અને જીર્ણોદ્ધાર, જ્ઞાનભંડારોનું લેખન, સ્થાપના અને શાસ્ત્રાધ્યયન કરવા ઉપ-રાંત નરનારાયણાનંદ, આદિનાથમનોરથસ્તોત્ર, અંતસમયની આરાધના, સુભાષિતોનું નિર્માણ આદિ તેમના જીવનની મહત્ત્વની પ્રવૃત્તિઓ હતી. મંત્રી પેથડશાહ મંત્રીપદને લગતા સંખ્યાબંધ વ્યાપારો હોવા છતાં તેમણે ૫૪૪ ગાથાપ્રમાણ ઉપદેશમાલા પ્રકરણ જેવાં પ્રકરણો કંઠે કર્યાં હતાં; મંદિર-નિર્માણ અને જીર્ણોદ્ધાર, જૈનાગમોનું શ્રવણ અને જ્ઞાનભંડારોની સ્થાપના આદિ કાર્યો કર્યાં છે. ખંભાતના શ્રાવક શ્રી ઋષભદાસ કવિ વ્યાપારી હોવા છતાં તેમણે સંખ્યાબંધ રાસો, સ્તવનો, સજ્ઝાયો, સ્તુતિઓની રચના કરી છે. આ રીતે પ્રાચીન અને મધ્યયુગીન આવી સંખ્યાબંધ વ્યક્તિઓનાં નામો આપણે અહીં ટાંકી શકીએ તેમ છીએ.

વર્તમાન યુગમાં પણ આવી સંખ્યાબંધ વ્યક્તિઓ આપણી નજર સામે છે, જે અનેક પ્રકારની પ્રવૃત્તિઓમાં ખૂંચેલા હોવા છતાં, તેમના જીવનમાં અનેક કાર્યો સાવધાની અને કુશળતાથી કરી રહ્યા છે. ભાઈશ્રી મોતીચંદ ગિરધર કાપડિયા, સોલિસિટરનો ધંધો હોવા છતાં, તેમણે તેમના જીવનમાં અધ્યાત્મકલ્પદ્રુમ, આનંદઘનપદસંગ્રહ, શાંતસુધારસ, જૈન દૃષ્ટિએ યોગ, આચાર્ય શ્રી હેમચંદ્ર જેવા અનેક ગ્રંથો અને અનુવાદો તૈયાર કરી આપણને ભેટ આપ્યા છે. ઉપમિતિભવપ્રપંચા કથા જેવા પ્રાસાદભૂત ગ્રંથનું ભાષાંતર અને સિદ્ધર્ષિ, એ તો એમની મહામૂલ્યવતી રચના જ ગણાય. ભાઈશ્રી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મોહનલાલ દલીચંદ દેસાઈ, વકીલાતની પ્રવૃત્તિવાળા હોવા છતાં, તેમણે આપણને જૈન સાહિત્યનો ઇતિહાસ, જૈન ગુર્જર કવિઓ જેવી બીજી નાની-મોટી અનેક કૃતિઓ આપી ગયા છે. જૈન કૉન્ફરન્સ હેરલ્ડ અને જૈન યુગના તેઓ તંત્રી હતા. જીવનમાં તેમણે આવી સાહિત્યલક્ષી વિવિધ પ્રવૃત્તિઓને ન્યાય આપ્યો છે. બીકાનેરવાસી ભાઈશ્રી અગરચંદજી નાહટા એમની જીવનપ્રવૃત્તિ સાહિત્યના ક્ષેત્રમાં ઘણી વિશાળ છે. શ્રી જિનચંદ્રસૂરિ, બીકાનેર લેખસંગ્રહ આદિ અનેક ગ્રંથો તૈયાર કરવા ઉપરાંત તેમણે પોતાના જીવનમાં અનેક વિષયોને આવરી લેતા હજારો લેખો લખ્યા છે. આજે તેઓ વૃદ્ધાવસ્થાએ પહોંચવા છતાં તેમની સાહિત્યિક પ્રવૃત્તિ સતત ચાલુ જ છે. બાબુ શ્રી પૂર્ણચંદ્રજી નહાર પણ એક વિશિષ્ટ કાર્યકર હતા. તેમણે પ્રાચીન લેખસંગ્રહના અનેક ભાગો તૈયાર કર્યા છે. આ સ્થળે શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈનું નામ પણ વીસરી શકાય તેમ નથી. અનેક પ્રકારની વ્યાપારિક પ્રવૃત્તિઓમાં લીન હોવા છતાં, તેમણે પોતાના જીવનમાં ધાર્મિક, સામાજિક, શિક્ષણ, જીર્ણોદ્ધારાદિ કાર્યોમાં કુશળતાપૂર્વક પ્રવૃત્તિ આદરી છે. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનું સંચાલન એમની પ્રતિભાને જ આભારી છે.

આજે આપણે ત્યાં સાહિત્ય આદિ ક્ષેત્રોમાં પ્રવૃત્તિ કરનાર અનેક વિદ્વાનો છે એમાં જરાય શંકા નથી. પણ અહીં તો મારે એ વસ્તુ કહેવાની છે કે વ્યાપારી જીવન જીવનારના જીવનમાં આવી પ્રવૃત્તિઓને બહુ ઓછો અવકાશ હોવા છતાં પ્રાચીન યુગમાં, મધ્ય યુગમાં અને અર્વાચીન યુગમાં અનેક મહાનુભાવો આવી સાધના કરી ગયા છે, અને કરી રહ્યા છે. ભાઈશ્રી હીરાભાઈ પણ એક વ્યાપારી જ છે. તેમણે સંસારની લીલી-સૂકીમાંથી પસાર થઈ પરમાત્મા શ્રી મહાવીરપ્રભુના જીવનને લગતી પોતાની 'ત્રિભુવનતિલક' કાવ્યરચના આપણને આપી છે એ એમના ભક્તિયોગની વિશિષ્ટ સાધના છે. ઉપર, ઇતિહાસકાલીન જે જે વ્યક્તિઓનાં નામોનો ઉલ્લેખ કર્યો છે તે અને તે કોટિની અન્ય વ્યક્તિઓ, જેમનું જીવન વિશુદ્ધ ભાવનાપરાયણ છે, તે બધી મારી નજરે ઊર્ધ્વગામી અને વિશિષ્ટ ભક્તિયોગની સાધક છે એમાં લેશ પણ શંકા નથી. આવા ભક્તિયોગે આપણને વિધવિધ વિષયનાં શાસ્ત્રોનો ખજાનો અર્પણ કર્યો છે.

ભાઈશ્રી હીરાભાઈની કવિતા પરીક્ષકોની દૃષ્ટિએ ગમે તેવી મનાતી હો, તે છતાં મારી દૃષ્ટિએ કવિતામાં જે સાહજિકતા હોવી જોઈએ તે આ કવિતામાં મને દેખાઈ છે. શબ્દોની અને અર્થની ગૂંથણી પણ રસિક, રોચક અને પ્રાસાદિક છે. કવિતાની રચના તાણી–તૂસીને કરી હોય તેમ પણ નથી. આ બધું છતાં, ભક્તિયોગમાં આપ્લાવિત કે તરબોળ આત્મસંતુષ્ટ કવિને, પોતાના આંતરિક ભકિતયોગ સાથે જ સંબંધ હોઈ પોતાની કવિતા માટે કોઈનાય અભિપ્રાય કે સ્તુતિની કામના હોતી નથી અને હોવી પણ ન જોઈએ, એ જ ભકિતયોગની વિશિષ્ટ સાધનાની સિદ્ધિ છે.

'ત્રિભુવનતિલક'ની રચનામાં જે વિભાગો પાડ્યા છે અને પરમાત્મા મહાવીર ભગવાનના જીવનનાં જે જે પ્રસંગો આવરી લેવામાં આવ્યા છે, તેનો વિવેક સુયોગ્ય રીતે થયો છે.

અંતમાં એટલું કહેવું બસ થશે કે ભાઈશ્રી હીરાભાઈએ લીલી-સૂકીમાંથી પસાર થવા છતાં, પોતાના અંતરમાં સંઘરી રાખેલી 'ત્રિભુવનતિલક'ની રચનાને વર્ષોને અંતે પણ મૂર્તરૂપ આપ્યું એ, આચાર્ય શ્રી હરિભદ્રસૂરિની યોગ પરિભાષામાં કહીએ તો, તેમની અવંચક યોગભૂમિકાના ભકિતયોગનું ફળ છે. ભાઈશ્રી હીરાભાઈએ સાધેલા આ ભક્તિયોગને જીવન પર્યંત જીવનમાં જીવતો રાખી દેવ-ગુરુ-ધર્મની અને આંતરિક આત્મયોગની સાધના અને આરાધનામાં તત્પર રહી જીવનને સવિશેષ ઉજ્જવળ અને ધન્ય બનાવે, એ જ મંગળ શુભ કામના છે.

[ 'ત્રિભુવનતિલક મહાકાવ્ય', પુરોવચન, સં. ૨૦૨૨ ]

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org